# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે યુદ્ધ જેવી મુશ્કેલ પરિસ્થિતિઓમાં ભારતની નીતિઓ, વ્યૂહાત્મક વિચારસરણી અને ક્ષમતાઓને વિશ્વએ માન્યતા આપી

2) આસામ, કેરળમ અને પુડુચેરી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રોની આજે ચકાસણી કરાશે – ચૂંટણી પ્રચાર વેગવંતો બન્યો

3) પશ્ચિમ બંગાળમાં SIR અંગે અદાલતના નિર્ણય બાદ ચૂંટણી પંચે ગઈકાલે રાત્રે પ્રથમ પૂરક મતદાર યાદી જાહેર કરી

4) કોલંબિયાનું એક લશ્કરી પરિવહન વિમાન આજે ઉડાન ભર્યા બાદ તરત જ દુર્ઘટનાગ્રસ્ત - ઓછામાં ઓછા 77 લોકોને બચાવી લેવાયા

5) પહેલી રાષ્ટ્રીય ઇન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનો આજથી ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ ખાતે આરંભ થશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-WEST ASIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારતનો અભિગમ સંબંધો બનાવવાની, નિર્ણાયક પગલાં લેવાની અને કટોકટીની પરિસ્થિતિઓને અસરકારક રીતે ઉકેલવાના સફળ સંચાલન કરવાની દેશની મજબૂત ક્ષમતાને ઉજાગર કરે છે. ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં એક ખાનગી મીડિયા જૂથ દ્વારા આયોજિત સમિટને સંબોધન કરતાં તેમણે જણાવ્યું હતું કે...

(બાઇટ – PM સમિટ)

પ્રધાનમંત્રીએ કહ્યું કે વિશ્વએ યુદ્ધ જેવી મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ભારતની નીતિઓ, વ્યૂહાત્મક વિચારસરણી અને ક્ષમતાઓને માન્યતા આપી છે.

પ્રધાનમંત્રી મોદીએ એમ પણ કહ્યું કે ભારત અખાતી દેશોથી લઈને ગ્લોબલ વેસ્ટ, ગ્લોબલ સાઉથ અને તેના પડોશીઓ સુધી, દરેક માટે એક વિશ્વસનીય ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે.

પ્રધાનમંત્રીએ ખાતરી આપી હતી કે સરકાર ઇંધણ, ખાતર અને આવશ્યક ચીજવસ્તુઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે તમામ પગલાં લઈ રહી છે, જેથી સામાન્ય નાગરિકોને ઓછામાં ઓછી મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

# JAISHANKAR-TALKS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે ટેલિફોન પર વાત કરી હતી. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમની વાતચીત પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને આંતરરાષ્ટ્રીય અર્થતંત્ર પર તેની અસર પર કેન્દ્રિત હતી. ડૉ. જયશંકરે કહ્યું કે બંનેએ ઉર્જા સુરક્ષા સંબધિત ચિંતાઓ પર પણ ચર્ચા કરી હતી.

વિદેશ મંત્રીએ ગઈકાલે સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત સહિત અખાતી સહકાર પરિષદના સભ્ય દેશોના રાજદૂતો સાથે પણ મુલાકાત કરી હતી. સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતમાં જ આશરે 80 લાખ ભારતીયો રહે છે. બેઠકમાં બહેરીન, ઓમાન, કુવૈત અને કતારના રાજદૂતો પણ ઉપસ્થિત હતા. વિદેશ મંત્રીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે તેમણે અને છ રાજદૂતોએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે ચર્ચા કરી હતી. ડૉ. જયશંકરે આ ક્ષેત્રમાં ભારતીય સમુદાયને સતત સમર્થન બદલ આભાર માન્યો હતો.

આ અગાઉ વિદેશ મંત્રીએ શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરથ સાથે પણ વાત કરી હતી અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષના પરિણામોની ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારત "પડોસી પ્રથમ" અને "વિઝન મહાસાગર" માટે પ્રતિબદ્ધ છે.

# KERALAM – NOMINATION

આસામ, કેરળમ અને પુડુચેરી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રોનીચકાસણી આજે થશે. ઉમેદવારી પત્રો ભરવાનું ગઈકાલે પૂર્ણ થયું. ઉમેદવારી પત્રો પાછાખેંચવાનો છેલ્લો દિવસ ગુરુવાર છે. બંને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં એકતબક્કામાં મતદાન આગામી મહિનાની 9મી તારીખે થશે. મતગણતરી 4 મેના રોજ થશે.

કેરલમ વિધાનસભા ચૂંટણી માટે ગઈકાલે ઉમેદવારીપત્ર ભરવાનીપ્રક્રિયા પૂર્ણ થયા બાદ રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગવંતો બન્યો છે. સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ...

(VC: અમીશા)

# WB-EC-SIR SUPPLIMENTARY LIST

પશ્ચિમ બંગાળમાં SIR અંગે અદાલતના નિર્ણય બાદ ચૂંટણી પંચે ગઈકાલે રાત્રે પ્રથમ પૂરક મતદાર યાદી જાહેર કરી હતી. દરેક બૂથ માટેની યાદી ચૂંટણી પંચની વેબસાઇટ પર લગભગ 11 વાગીને 55 મિનિટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. પૂરક યાદીમાં એવા મતદારોના નામ શામેલ છે જેમના કેસ સર્વોચ્ચ અદાલતના નિર્દેશ બાદ ન્યાયિક અધિકારીઓ દ્વારા નક્કી કરવામાં આવ્યા છે. મુખ્ય ચૂંટણી અધિકારી મનોજકુમાર અગ્રવાલે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં આશરે 29 લાખ નામોનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાંથી કેટલા નામો પ્રથમ

પૂરક યાદીમાં સામેલ છે અને કેટલાને દૂર કરવામાં આવ્યા હતા તે તાત્કાલિક જાણી શકાયું નથી. અગાઉ, 28 ફેબ્રુઆરીએ પ્રકાશિત અંતિમ મતદાર યાદીમાં આશરે 60 લાખ નામો નિર્ણય બાકી તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા હતા.

# NHAI – BSE

ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ દ્વારા પ્રાયોજિત ધોરીમાર્ગ ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ આજે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) માં નોંધાશે. માર્ગ વાહન વ્યવહાર અને ધોરીમાર્ગ મંત્રાલયે જણાવ્યું હતું કે માર્ગ વાહન વ્યવહાર અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી અને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ આ નોંધણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ પહેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ક્ષેત્રમાં જાહેર ભાગીદારી વધારવા અને દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઇનાન્સિંગ સિસ્ટમને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV. COLOMBIAN MILITARY PLANE

કોલંબિયાનું એક લશ્કરી પરિવહન વિમાન આજે દેશના દક્ષિણપશ્ચિમ ભાગમાં ઉડાન ભર્યા બાદ તરત જ દુર્ઘટનાગ્રસ્ત થયું. મૃતકોની ચોક્કસ સંખ્યા હજુ સુધી જાણી શકાઈ નથી. ઓછામાં ઓછા 77 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. સંરક્ષણ મંત્રી પેડ્રો સાંચેઝે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે સૈનિકોને લઈ જતું વિમાન પેરુ અને ઇક્વાડોરની સરહદે આવેલા એમેઝોનિયન પ્રાંતના પ્યુર્ટો લેગુઇઝામોમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. કોલંબિયાના વાયુસેનાના કમાન્ડર કાર્લોસ ફર્નાન્ડો સિલ્વાએ એક વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે હર્ક્યુલસ સી-130 વિમાનમાં 125 લોકો સવાર હતા, જેમાં 114 સૈનિકો અને 11 ક્રૂ સભ્યોનો સમાવેશ થાય છે. કમાન્ડર સિલ્વાએ જણાવ્યું હતું કે દુર્ઘટનાગ્રસ્ત સ્થળ પર બચાવ કામગીરી દરમિયાન ઓછામાં ઓછા 77 લોકોને જીવતા બચાવી લેવામાં આવ્યા હતા.

# AIR CANADA CRASH

ન્યૂયોર્કના લાગાર્ડિયા હવાઈમથકના રનવે પર થયેલી વિમાનદુર્ઘટનામાં બે પાઇલટ માર્યા ગયા અને ઘણા ઇજાગ્રસ્ત થયા. આ દુર્ઘટના બાદ એરકેનેડાના સીઈઓ મિશેલ રૂસોએ હેલ્પલાઇન અને ખાસ સહાય ટીમની જાહેરાત કરી. રવિવારેમોડી રાત્રે મોન્ટ્રીયલથી આવી રહેલ એર કેનેડા એક્સપ્રેસ વિમાન રનવે પાર કરતી વખતેપોર્ટ ઓથોરિટીના ફાયર એન્જિન સાથે અથડાયું. અકસ્માત બાદ મોટા પાયે કટોકટીની કાર્યવાહીશરૂ કરવામાં આવી હતી, જેના કારણે

એરપોર્ટ પર અન્ય ઉડાન બંધ કરવામાં આવી હતી.વિમાનમાં સવાર 76 લોકોમાંથી ઓછામાં ઓછા 41 લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાહતા, જ્યારે ફાયર એન્જિનમાં બે લોકોની હાલત સ્થિર છે. શ્રી રૂસોએજણાવ્યું હતું કે એરલાઇન અસરગ્રસ્ત લોકોને મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરતી વખતેતપાસકર્તાઓને સહકાર આપી રહી છે.

# ATHLETICS CHAMPIONSHIPS

પહેલી રાષ્ટ્રીય ઇન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનો આજથી ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ ખાતે આરંભ થશે, જે દેશમાં ટ્રેક એન્ડ ફિલ્ડ સ્પર્ધાઓમાં એક નવા અધ્યાયની શરૂઆત કરશે. બે દિવસીય સ્પર્ધામાં 97 મહિલાઓ સહિત 278 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આયોજકોના જણાવ્યા અનુસાર, આ ચેમ્પિયનશિપ ભારતમાં ઇન્ડોર એથ્લેટિક્સ કેલેન્ડરને મજબૂત બનાવવા અને સિઝનની શરૂઆતમાં ખેલાડીઓને સ્પર્ધાની તકો પૂરી પાડવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવી છે.

ઓડિશાના મહત્વાકાંક્ષી આંતરરાષ્ટ્રીય દોડવીર અનિમેશ કુજુર આ વર્ષની રમતગમત સીઝનની સારી શરૂઆત કરવા માટે દોડમાં પોતાની ક્ષમતાઓ દર્શાવશે. તમિલનાડુના આંતરરાષ્ટ્રીય સ્તરના એથ્લેટ પ્રવીણ ચિત્રાવલે પુરુષોની લાંબી કૂદમાં ભાગ લેશે. આ સ્પર્ધામાં ચંદ્રક માટે આજે પ્રથમ સ્પર્ધા પુરુષોની ત્રણ હજાર મીટર દોડ હશે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ ,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકસભામાં પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગેના સંબોધન તેમજ ટ્રમ્પની યુદ્ધ વિરામ અંગેની પહેલના સમાચાર પ્રથમ પાને છાપ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે ઇરાનમાં પાવર પ્લાન્ટ પર પાંચ દિવસ હુમલા નહીં: ટ્રમ્પ
- દિવ્ય ભાસ્કર લખે છે  ટ્રમ્પનો યુદ્ધ વિરામ , ઈરાનનો ઇનકાર
- નવગુજરાત સમય લખે છે  ,મંત્રણા ના બહાને ટ્રમ્પની પીછેહટ:ઈરાનનો ઇનકાર
- સંદેશ લખે છે  પશ્ચિમ એશિયાની સ્થિતિ ચિંતાજનક:મોદી
- આ ઉપરાંત સ્થાનિક સમાચારોમાં પેટ્રોલ ખૂટી પાડવાની અફવાથી અમદાવાદ સહિત રાજયભરના પેટ્રોલ પંપ પર થયેલી અરાજકતાના સમાચારો પણ તસવીર સાથે છપાયા છે.